# ...તો કવિ રમેશ પારેખ દસ વર્ષ વધુ જીવ્યા હોત !

ગાંધીનગર, તા. ૫

'કવિ રમેશ પારેખના ગયા પછી તેમને અંજલિ આપવા જે કાર્યક્રમો થઈ રહ્યા છે, તે કાર્યક્રમો તેમની હયાતીમાં થયા હોત તો તેઓ દસ વર્ષ વધુ જીવ્યા હોત. કવિ રમેશ પારેખ, તેમની હયાતીમાં જ પરિવાર માટે પૂરતી નાણાવ્યવસ્થા ગોઠવીને ગયા છે. તેમનો પરિવાર ગરીબ નથી.' એમ જાણીતા કવિ શોભિત દેસાઈએ ગઈકાલે ખાસ વાતચીતમાં કહ્યું હતું.

શ્રી દેસાઈ ગઈકાલે ગાંધીનગરમાં હતા. ગઈરાત્રે ગાંધીનગર કલ્ચરલ ફોરમ આયોજિત નાટક 'એક ખોબો ઝાકળ' રજૂ કરવા તેઓ અહી આવ્યા હતા. નાટકના બે શો વચ્ચેના વિરામ સમયમાં ગાંધીનગર સમાચાર સાથેની વાતચીતમાં શ્રી શોભિત દેસાઈએ કહ્યું કે આ નાટક બંને કવિઓના મોતના પરાજયનો ઉત્સવ છે. મોત, આ બંને મહાન સર્જકોને મારી નથી શક્યું. કવિ રમેશ પારેખની વિદાય પછી ખૂબ કાર્યક્રમો થવા માંડ્યા. ગુજરાતી ભાષાની કરુણતા છે કે કવિનું મોત ઘટના બની જાય છે. તેની કવિતા ઘટના નથી બનતી. કાર્યક્રમોની માત્રા જોતાં લાગે કે જો આટલા કાર્યક્રમો કવિ રમેશ પારેખની હયાતીમાં થયા હોત તો તેઓ દસ વર્ષ વધુ જીવ્યા હોત. કેટલાક તો પ્રસિદ્ધિ મેળવવા ઊતરી આવ્યા. હદ તો ત્યારે થઈ કે કવિ રમેશ પારેખની જ્ઞાતિના મુખપત્રમાં લખાયું કે તેમની સ્થિતિ નબળી છે. સૌએ ઉદાર હાથે મદદ કરવી. આ વાંચીને તેમના પરિવારજનોને ખૂબ ખરાબ લાગ્યું. તેમના પત્ની રસીલાબહેને કહ્યું કે 'રમેશ હયાતીમાં પરિવાર માટે પૂરતી વ્યવસ્થા કરીને ગયા છે. કોઈ મદદની આવશ્યકતા નથી.' એવું જ મરીઝના કિસ્સામાં થયું. મરીઝનું નાટક આવ્યું. તે જોઈને લાગ્યું કે આ મરીઝ ન હતા. તેથી મને થયું કે હું તો આ બંને કવિઓ સાથે રહ્યો છું. તો તેમના જીવનના પ્રસંગને નાટ્યના માધ્યમથી લોકો સુધી મૂકવું. તેમાંથી જે આવક થાય તેમાંથી પાંચ-પાંચ હજાર બંને કવિના પરિવારજનોને આપવા.

આપણે ત્યાં ગેરહાજરીમાં પૈસા મોકલવાની પ્રથા જ નથી. કવિ રમેશ પારેખ હોય કે કોઈ પણ લોકપ્રિય ગીતના કવિ, કયા ગાયક-આયોજકે તેમને પૈસા મોકલ્યા. કવિઓની યાદગાર કૃતિને સાંકળતા કાર્યક્રમો યોજાય છે. તેમાંથી બધા કમાય છે. પણ કવિને એક પૈસો નથી મળતો. ગાયકો જો તેમની આવકના દસ ટકા પૈસા પણ તેમણે જે જે સર્જકોના ગીતો ગાયા હોય તેમને સરખે હિસ્સે વહેંચી આપે તોય ઘણું. એ પ્રથા પાડવી જોઈએ. પણ એના માટે લડવાનો સમય નથી. તેથી મેં વિચાર્યુ કે સર્જનાત્મકતાના માધ્યમથી એ કરવું જોઈએ. એક નવો રસ્તો આપીએ. મેં પાંચ વર્ષમાં ચારસો ગઝલો લખી છે. પણ આ નાટક શરૂ કર્યુને ગઝલો લખવાનો નશો ઉતરી ગયો. એ બંને કવિઓ સાથે રહ્યો છું. એટલે આ નાટક કરવાની મજા આવે છે.

કોમર્શિયલી આ નાટક સકસેસ ન જાય. કોમર્શિયલ શોમાં તો મારે પૈસા મૂકવાના આવે છે. પણ જીવનના ૫૧મા વર્ષે પૈસા તોડવાનો પણ આનંદ છે. કેટલાક અભિનેતાઓને જોઈને લાગે કે એક્ટીંગ તો થાય જ નહી, પણ કેટલાય અભિનેતાઓને જોઈને લાગે છે કે એક્ટીંગ તો થાય જ. અને એટલે જ સારા વિષયની રાહ જોતો હતો. જોમ ઘણું હતું. અને કરતો જાઉં છું. દસમી સપ્ટેમ્બરે કલકત્તામાં પ્રથમ શો કર્યો. મહુવામાં દસ નવેમ્બરે પૂ. મોરારિબાપુ સમક્ષ આ નાટક રજૂ કર્યુ ત્યારે તેમનો પ્રતિભાવ હતો 'પરકાયા પ્રવેશ વિષે ઘણી વાતો સાંભળી છે. પણ જોયો છે આજે.' આ નાટક જોઈને તે કવિઓના પરિવારજનોનો પ્રતિભાવ જ મારા માટે સર્વસ્વ છે. કવિ રમેશભાઈના પત્ની રસીલાબહેને કહ્યું કે જ્યારે પહેલી વાર નાટક જોયું ત્યારે લાગ્યું કે આ તો રમેશ જ છે. જ્યારે મરીઝના પુત્રએ કહ્યું કે ૨૨ વર્ષે પિતાને મળતો હોઉં તેવું લાગે છે.

કવિ શોભિત દેસાઈ, આ નાટકના પ્રયોગ કહે છે ગુજરાતી ભાષા અને તેના પ્રેક્ષકો મહાન છે. તેને ઉચ્ચત્તમ આપીશું તો ઝીલવા સદાય તૈયાર જ છે. આપવાવાળા ઊણા ન ઊતરવા જોઈએ. આ નાટક કરીને મને આ અનુભવ થયો છે.